**શ્રી પાંચમા અધિક સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં,ભુજ–કચ્છ.**

**૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦**

રેગ્યુલર દિવાની દાવા નંબર ૨૦૯/૨૦૨૧

આંક–૧૫ ની સી.પી.સી.ઓર્ડર ૭ રૂલ ૧૧ ની અરજી તળે હુકમ

– – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – –

(૧). સદર કામે પ્રતિવાદીઓ તરફે હાલની અરજી આપી મુખ્યત્વે એવી હકીકત જણાવેલી છે કે,આ કામના વાદીનો દાવો સી.પી.સી.ઓર્ડર ૭ રૂલ ૧૧ (એ થી ડી) ની જોગવાઈ મુજબ વાદીને દાવો કરવાનું કોઈ જ કારણ ઉત્પન્ન થયેલ ન હોવા છતાં ખોટી રીતે નામદાર કોર્ટના પ્રોસેસનો દુરઉપયોગ કરેલ હોઈ વાદીની દાવા અરજી તથા આંક ૫ ની અરજી નામંજુર ફરમાવવા અરજ કરેલી છે.વાદીની દાવા અરજી પરથી સ્પષ્ટ થાય છે કે, વાદીનો સદર દાવો લીમીટેશન એકટની સંબધકર્તા જોગવાઈઓ મુજબ મુદતમાં દાખલ કરવામાં આવેલ ન હોઈ સી.પી.સી.ઓર્ડર ૭ રૂલ ૧૧(ડી) ની જોગવાઈ મુજબ સમયમર્યાદામાં દાખલ કરવામાં આવેલ નથી.કારણ કે વાદીની દાવા અરજીના પારા–૩માં જણાવેલ કહેવાતી હકીકત મુજબ જો વાદીને કલેકટશ્રી કચ્છનાઓએ સદર દાવાવાળી જમીન તા.૨૮/૦૭/૧૯૮૭ ના મંજુર કરેલ હોય તો તેના ડેકલેરેશન અને કાયમી મનાઈહુકમ માટે ૩૩ વર્ષ ૫ મહીના અને ૧૭ દિવસનો લાંબા સમયગાળા બાદ નામદાર કોર્ટમાં વાદીએ દાવો દાખલ કરેલ હોઈ જે હકીકત વાદીની દાવા અરજી પરથી સ્પષ્ટ રીતે જણાઈ આવે છે.આમ, વાદીનો દાવો સમયમર્યાદા બહારનો હોય રદ થવાને પાત્ર છે.

(૨) વધુમાં,પ્રતિવાદીએ હાલની અરજી આપી મુખ્યત્વે એવી હકીકત જણાવેલી છે કે, વાદી જે ૨૦૦ ચો.મી.વાળી જમીનો હુકમના આધારે મળેલી હોવાનું દાવા અરજીમાં જણાવેલ છે તે જમીનો પરત્વે કોઈ હુકમો આ કામે રજુ કરેલ નથી. આમ, સદર દાવા અરજીમાં જણાવેલ દાવાવાળી જમીનમાં કોઈ માલિકી હકક કે કોઈ અન્ય હકકો રહેલા ન હોઈ વાદીનો દાવો દાખલ થવા પાત્ર તેમજ ચાલવાપાત્ર ન હોઈ વાદીનો દાવો રદ કરવા અરજ ગુજારેલી છે.

(૩) વાદી તરફે આંક–૨૯ થી પ્રતિવાદીઓની ઉપરોકત અરજીનો લેખિત જવાબ રજુ કરી મુખ્યત્વે એવી હકીકત જણાવેલી છે કે,વાદી કે જે ભુજ મધ્યે ખાવડા રોડ, મહીલા કલ્યાણ કેન્દ્ર પાસે સરકારી ખરાબાની જમીન ૮૭૦ પૈકીની સરકારી ટાવર્સ પૈકીની જમીન ઉપર વર્ષ ૧૯૮૬ માં વાદીના પિતાજી કે જે નિવૃત સૈનિક કર્મચારી હોઈ તેઓએ પોતાના ધંધાર્થે જે તે સમયે રેવન્યુ ખાતા પાસે રજુઆતો કરી નિવૃત સૈનિક ગુપ્તાના વિધવાને ૨૦૦ ચો.વા.વાદગ્રસ્ત જમીન મેળવેલી અને તેના ઉપર રહેણાંકીય મકાન અને ધંધાકીય મકાન બનાવેલ અને આમ ૨૦૦ ચો.વા.માં મકાન બનાવેલું અને વાદીના પિતાજી–માતાજી વાદી સહીત વાદગ્રસ્ત જગ્યાએ વેપાર કરતા હતા અને એ રીતે કુલ ૧૩૨.૮૦ ચો.મી.ની જમીન વાદીના પિતાજી કે જેમનુ રેવન્યુ કાર્યવાહી દરમ્યાન મોત થતાં નિવૃત સૈનિક કર્મચારીના કારણે વિધવા દયાવતી ગુપ્તાને કુલ જમીન ૨૦૦ ચો.મી.સચિવશ્રી મહેસુલ વિભાગ વિવાદ ગુજરાત સરકારે મંજુર કરેલ અને આમ કલેકટરશ્રી,કચ્છ ભુજએ તા.૨૮/૭/૮૭ ના રોજ હુકમ નં.એલેન્ડ/ વશી/ ૧૮૮૧/૧૯૮૭ થી ૬૭.૨૦ ચો.મી.ની જમીન મંજુર કરેલી અને અધિક સચીવ શ્રી અમદાવાદે તા.૧૮/૫/૮૮ ના રોજ એસઆરડી/જમન/કચ્છ/૪૭/૮૭ થી ૧૩૨.૮૦ ચો.મી.જમીન મંજુર કરેલી તે અંગે જરૂરી સરકારી ફી પણ જમા કરાવેલ છે. આમ, ઉપરોકત હકીકતે જમીન માલિકી હકકમાં સરકારશ્રીએ મંજુર કરેલ છે અને વાદીના માતાજી ગુજરી જતા સદરહુ જમીન હાલે વાદીના માતાજીએ કરેલ વસીયતનામા પ્રમાણે કબ્જા ભોગવટા અને ઉપયોગમાં આવેલ છે અને ઉપરોકત જમીનનો કબ્જો ભોગવટો કાયદેસર રીતે વાદી ૧૯૮૮ થી ભોગવી રહયા છે અને તેમાં કોઈ અંતરાય અવરોધ રહેલ ન હોવા છતાં પ્રતિવાદીઓ વાદીને વારંવાર ધમકાવી વાદગ્રસ્ત જમીન ૨૦૦ ચો.મી.કરવા માટે ધાકધમકી કરેલ છે અને વાદીએ પ્રતિવાદી ની જમીનમાં કોઈ પણ દબાણ કરેલ નથી અને સદર જમીન વાદીના પ્રત્યક્ષ કબ્જા, ભોગવટા અને માલિકીમાં રહેલ છે.જેથી પ્રતિવાદીની હાલની અરજી નામંજુર થવા માટે અરજ ગુજારેલી છે.

(૪) હાલની અરજી, દાવા અરજી, વાદીના દસ્તાવેજી પુરાવાઓ તથા

પક્ષકારોની રજુઆતો ધ્યાને લીધી. આ અરજીનો ગુણદોષ પર નિર્ણય કરીએ તે પહેલા કાયદાની પરિસ્થિતિ ધ્યાને લેવી જરૂરી છે. સૌપ્રથમ અરજીનો નિર્ણય કરતાં પહેલાં **સી.પી.સી. ઑર્ડર–૭, રૂલ–૧૧** ની જોગવાઇ વંચાણે લેવી જરૂરી છે,જે નીચે મુજબ છે.

"**ઑર્ડર–૭, રૂલ–૧૧** દાવાઅરજીની અસ્વીકૃતિ

નીચેના પ્રસંગોએ દાવા અરજી અસ્વીકાર કરવામાં આવશે.

(એ) તેમાં દાવાનુ કારણ જણાવવામાં આવ્યુ ન હોય,

(બી) માંગેલ દાદની કિંમત ઓછી આંકી હોય, અને ન્યાયાલય ઠરાવે તે મુદ્દતમાં કિંમતનો આંકડો સુધારી આપવાનુ કહ્યા છતાં વાદી તેમ ન કરે,

(સી) માંગેલ દાદની કિંમત બરાબર આંકી હોય, પણ ઓછા સ્ટેમ્પ મારેલ કાગળ ઉપર દાવાઅરજી લખી હોય અને ન્યાયાલય ઠરાવે તે મુદ્દતમાં જોઇતા સ્ટેમ્પવાળો કાગળ રજુ કરવાનુ કહ્યા છતાં વાદી તેમ ન કરે,

**(ડી) દાવા–અરજીમાં લખેલ નિવેદન ઉપરથી દાવો કોઈપણ કાયદાથી બાધિત જણાતો હોય,**

(ઇ) બે નકલમાં ફાઇલ કરી ન હોય ત્યારે,

(એફ) જ્યાં નિયમ–૯ ની જોગવાઇઓનુ પાલન કરવામાં વાદી નિષ્ફળ જાય.

ઉપરોકત જોગવાઈ જોતાં જયારે દાવાને કોઈપણ કાયદાનો બાધ નડતો હોય ત્યારે અદાલત સી.પી.સી.ઓર્ડર–૭, રૂલ–૧૧ મુજબ દાવાઅરજી નામંજુર/ રદ કરી શકે છે.આમ, કાયદાકીય જોગવાઈ તથા નામદાર ઉચ્ચ અદાલતના માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાને લેતાં સિવિલ પ્રોસીજર કોડના ઓર્ડર ૭ રૂલ ૧૧ના ન્યાયિક નિર્ણય કરતી વખતે કોર્ટે માત્ર વાદીની દાવા અરજીની હકીકતો જ ધ્યાને લેવાની હોય છે.આ તબકકે કોર્ટે પ્રતિવાદીનો જવાબ કે પ્રતિવાદીનો બચાવ ધ્યાને લેવાનો હોતો નથી.વધુમાં,સી.પી.સી.ઓર્ડર–૭, રૂલ–૧૧ ની અરજીનો ન્યાયિક નિર્ણય કરતી વખતે કોર્ટે કેસના ગુણદોષને પણ ધ્યાને લેવાના હોતા નથી.વધુમાં, સમગ્ર દાવા અરજીને ધ્યાને લઈને સી.પી.સી.ઓર્ડર–૭, રૂલ ૧૧નો ન્યાયિક નિર્ણય કરવાનો હોય છે.

(૫) આ કામના પ્રતિવાદી તરફે મુખ્યત્વે એવી તકરાર લેવામાં આવેલી છે કે, જો વાદીને તારીખ : ૨૮/૭/૮૭ ના રોજ કલેકટરશ્રી,કચ્છ–ભુજનાઓએ સદર

દાવાવાળી જમીન મંજુર કરેલી હોય તો તેના ડેકલેરેશન અને કાયમી મનાઈ હુકમ માટે ૩૩ વર્ષ ૫ મહીના અને ૧૭ દિવસ ના લાંબા સમયગાળા બાદ વાદીએ દાવો દાખલ કરેલો હોય વાદીનો દાવો સમયમર્યાદા બહારનો છે.જે પ્રતિવાદીની તકરાર અનુસંધાને વાદીના દાવા અરજીની હકીકતો ધ્યાને લેવામાં આવે તો પારા−૯ માં એવી હકીકત જણાવેલી છે કે, આ કામના પ્રતિવાદીઓએ તા.૬/૬/૨૧ ના રોજ વાદીઓ પાસે આવેલ અને જમીનમાં દબાણ કરે છે તેવું જણાવી પ્રતિવાદીઓ તોડી નાખશે તેવી ધમકી આપેલી.જેથી સદર દાવો દાખલ કરવાનું કારણ ઉત્પન્ન થયેલ હોવાનું જણાવે છે.વધુમાં, વાદીએ તેની આંક−૧ ની દાવા અરજીમાં વાદગ્રસ્ત જમીન બાબતે સને ૧૯૮૮ થી વાદગ્રસ્ત જમીન પિતાજી અને માતાજી અને ત્યારબાદ વાદીનો કોઈ અંતરાય અવરોધ વિના સ્વતંત્ર કબ્જો−ભોગવટો અને માલિકીમાં રહેલ હોવાનું જણાવે છે.આમ, વાદીના કબ્જા,ભોગવટા અને માલિકીની જમીનમાં પ્રતિવાદીઓ અડચણ પેદા કરતા હોવાનું જણાવે છે ત્યારે વાદીએ હાલનો દાવો દાખલ કરેલ હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવે છે.તે સંજોગોમાં વાદીના દાવાને સમયમર્યાદાનો બાધ નડતો ન હોવાનું અત્રેની અદાલતનું માનવું છે.

(૬) વધુમાં,પ્રતિવાદીઓ તરફે મુખ્યત્વે એવી તકરાર લેવામાં આવેલી છે કે, વાદીને દાવાવાળી જમીન જે હુકમથી ફાળવવામાં આવેલી છે તેવો કોઈ હુકમ આ કામે વાદી તરફે રજુ કરવામાં આવેલ નથી.જેથી વાદીને હાલનો દાવો કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી.સદર કામે સી.પી.સી.ઓર્ડર ૭ રૂલ ૧૧ની અરજીનો ન્યાયિક નિર્ણય કરતી વખતે દાવા અરજીની હકીકતો તેમજ વાદીએ રજુ કરેલા દસ્તાવેજી આધારો કોર્ટ ધ્યાને લઈ શકે છે.જે બાબતે વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાની વિગતો ધ્યાને લેવામાં આવે તો વાદીએ નિશાની ૩/૩ થી સચિવશ્રી(વિવાદ), મહેસુલ વિભાગ, ગુજરાત સરકારનો તા.૨૨/૨/૯૪ નો હુકમ રજુ કરેલો છે અને તે હુકમ અનુસંધાને સદર દાવાવાળી જમીન વાદીને મળેલી હોવાનું વાદી જણાવે છે. તે સંજોગો માં પ્રતિવાદી તરફે ઉઠાવવામાં આવેલી તકરાર પ્રથમ દર્શનીય રીતે માનવાલાયક જણાતી ન હોય પ્રતિવાદીઓની હાલની અરજીના કારણો સાથે સંમત થતો ન હોય

ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

**- - - - - -**

૧). પ્રતિવાદી તરફેની ઓર્ડર ૭ રૂલ ૧૧ મુજબની આંક-૧૫ ની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

૨). ખર્ચ અંગે કંઈ હુકમ નથી.

હુકમ આજરોજ તારીખ : ૧૯ માહે : ડીસેમ્બર, સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તા.૧૯/૧૨/૨૦૨૩.
સ્થળ : ભુજ-કચ્છ.

**( નિર્મલસિંહ અર્જુનસિંહ ગઢવી)**
પાંચમા અધિક સિનિયર સિવિલ જજ
ભુજ-કચ્છ.
**કોડ નં.જીજે૦૧૧૪૧**